ફાયર સેફ્ટી અને મંજૂરી વગરના ફટાકડાના સ્ટોલ તાત્કાલિક બંધ કરાવોની સૂચના

શહેરના બજારોમાં દીપોત્સવ દમિયાન સફાઈ અને કચરાના મુદ્દે મ્યુ. કમિશનર આકરા પાણીએ

(પ્રતિનિધિ) વડોદરા તા.3

દિવાળીના પ્રકાશ પર્વને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે વડોદરા શહેરના નાગરિકો માટે સુવિધાસભર અને સુરક્ષિત વાતાવરણ નિર્માણ કરવા માટે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનનું તંત્ર એક્શન મોડમાં આવી ગયું છે. દિવાળીના તહેવાર દરમિયાન શહેરમાં આદર્શ સ્વચ્છતા જળવાઈ રહે તથા ફટાકડાના વેચાણમાં કોઈ પણ પ્રકારની અનિયમિતતા ન સર્જાય તે હેતુથી વડોદરા મ્યુનિસિપલ કમિશનરે એક મહત્વપૂર્ણ રીવ્યુ બેઠક યોજી હતી. આ બેઠકમાં શહેરની પ્રવર્તમાન પરિસ્થિતિ અને તહેવારોની તૈયારીઓની સમીક્ષા કરતી વખતે મ્યુનિસિપલ કમિશનર અત્યંત કડક વલણમાં જોવા મળ્યા હતા. બેઠક દરમિયાન કમિશનરે શહેરમાં ઠે ર-ઠેર જોવા મળતી ગંદકી અને



કચરાના નિકાલ અંગે ભારે નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે આરોગ્ય અને ઘન કચરા વ્યવસ્થાપન વિભાગના સં બંધિત અધિકારીઓને આડેહાથ લે તા સ્પષ્ટ શબ્દોમાં સૂચના આપી હતી કે તહેવારોના દિવસોમાં શહેરમાં સ્વચ્છતા જાળવવામાં કોઈ પણ પ્રકારની બેદરકારી ચલાવી લેવામાં આવશે નહીં. મુખ્ય માર્ગો, સાર્વજનિક સ્થળો અને બજારોમાં નિયમિતપણે સફાઈ હાથ ધરવા તેમજ એકત્રિત થતા કચરાનો તાત્કાલિક સુરક્ષિત રીતે નિકાલ કરવા માટે તેમણે તાકીદ કરી હતી. આ ઉપરાંત, તહેવારો દરમિયાન નાગરિકોની સક્ષમ સુરક્ષાને ધ્યાનમાં રા ખીને ગેરકાયદેસર અને નિયમો વિરુદ્ધ ચાલતા ફટાકડાના સ્ટોલ અંગે પણ કમિશનરે ગંભીરતા દાખવી હતી. સુરક્ષાના નિયમોનું ઉલ્લંઘન કરીને અથવા મંજૂરી વિના ચાલતા ફટાકડાના વેચાણ કેન્દ્રો અને સ્ટોલ સામે ત્વરિત અને કડક કાનૂની કાર્યવાહી કરવા સં બંધિત અધિકારીઓને આદેશ આપવામાં આવ્યા છે. ફાયર સેફ્ટી અને સ્થાનિક તંત્રના નિયમોનું પાલન કર્યા વિના ચાલતા ફટાકડાના સ્ટોલ બંધ કરાવવા તેમજ દંડનીય કાર્યવાહી કરવા માટે તંત્રના અધિકારીઓની ટીમ સક્રિય કરવામાં આવી છે. મ્યુનિસિપલ કમિશનરની આ સમીક્ષા બે ઠ ક બાદ પાલિકા તંત્રમાં ભારે દો ડ ધા મ મચી ગઈ છે. તહેવારો દરમિયાન સમગ્ર શહેરના નાગરિકો શાંતિ, સુરક્ષા અને સ્વચ્છતા વચ્ચે દિવાળીની ઉજવણી કરી શકે તે માટે પાલિકા તંત્ર દ્વારા સમગ્ર કામગીરી પર ઝીણવટભરી નજર રાખવામાં આવી રહી છે.

મગરોના આશ્રયસ્થાન સમી વિશ્વામિત્રી નદીમાં યુવક ફસાયો



1 પરશુરામ ભઠ્ઠા પાસે નદીની વચ્ચોવચ્ચ એક વ્યક્તિ ફસાયેલ હોવાનું સ્થાનિક લોકોને નજરે પડતા તુરંત પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરવામાં આવી હતી.

2 ઘટનાની જાણ થતાં જ જનરક્ષકની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી. પોલીસ સ્થળ પર પહોંચી ત્યારે યુવક નદીની વચ્ચોવચ અટવાયેલો જોવા મળ્યો અને સિડી મૂકાઇ હતી

3 જીવના જોખમે યુવક સુધી પહોંચી ફાયર જવાનોએ તેનું દિલધડક રેસ્ક્યુ કર્યું હતું અને સહીસલામત રીતે બહાર કાઢી તેનો જીવ બચાવ્યો હતો, જેને લઇ સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

4 પ્રાથમિક તપાસમાં આ યુવક માનસિક રીતે અસ્વસ્થ હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે. તે જેલ તરફથી ભઠ્ઠા તરફ જતા શોર્ટકટમાં નદી ઓળંગવા જતા વચ્ચે ફસાયો હોવાની શક્યતા છે. જોકે યુવક કેવી રીતે નદીમાં પહોંચ્યો તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પક્ષના મહત્વના કાર્યક્રમો પાર પાડવામાં નિષ્ક્રિય રહેતા હાઇકમાન્ડ નારાજ

સંગઠનની નિષ્ફળતા છુપાવવા વડોદરા જિલ્લા ભાજપ પ્રમુખના હવાતિયાં

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા જિલ્લા ભાજપ કાર્યાલય 'વંદે કમલમ' ખાતે તાજેતરમાં જિલ્લા ભાજપ પ્રમુખ ડો. બી.જે. બ્રહ્મભટ્ટની અધ્યક્ષતામાં અને જિલ્લા પ્રભારી ડો. ઋત્વિજભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. વડોદરા જિલ્લા ભાજપ પ્રમુખ તરીકેનો પદભાર સંભાળ્યા બાદ ડો. બી.જે. બ્રહ્મભટ્ટ સંગઠનને ગતિ આપવામાં અને પક્ષની અપેક્ષાઓ પૂર્ણ કરવામાં તદ્દન નિષ્ફળ નિવડ્યા છે. ખાસ કરીને પક્ષ દ્વારા હાથ ધરાયેલા 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' અભિયાન અંતર્ગત યોજાયેલા વિવિધ કાર્યક્રમોમાં સંગઠન તરફથી જે ઉત્સાહ અને લોકસંખ્યા એકત્ર થવી જોઈતી હતી, તે લાવવામાં તેઓ નિષ્ફળ રહ્યા છે. કાર્યાલયેથી અપાયેલા નિર્દેશો મુજબ યોગ્ય રીતે કાર્યકરો અને સામાન્ય જનતાને એકમંચ પર લાવવામાં તેમની નબળી કામગીરીથી પક્ષનું હાઇકમાન્ડ ભારે નારાજ થયું છે. SIR જેવા મહત્વના મુદ્દે પણ પક્ષના વલણને યોગ્ય રીતે જનતા સુધી પહોંચાડવામાં સંગઠનનું નેતૃત્વ પાછળ રહી ગયું છે. જિલ્લા પ્રમુખ બન્યા બાદથી અત્યાર સુધીમાં સંગઠનાત્મક સ્તરે જોઈએ તેવા નોંધપાત્ર કે પ્રભાવશાળી કામો કરી ન શકવાના કારણે હવે ડો. બ્રહ્મભટ્ટની ખુરશી પર જોખમ તોળાઈ રહ્યું



હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. હાઇકમાન્ડની નારાજગીમાંથી બચવા અને પોતાની ડગમગતી પ્રમુખપદની ખુરશી સાચવી રાખવા માટે જ તેમણે તાબડતોબ બેઠકોનો દોર શરૂ કર્યો હોય તેમ સ્પષ્ટપણે જણાઈ આવે છે. પ્રદેશ નેતૃત્વ સમક્ષ પોતાની કામગીરીનો માત્ર કાગળ પરનો હિસાબ રજૂ કરીને પોતાની નિષ્ફળતાઓ છુપાવવાના આખરી પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ સાથે જ જિલ્લા ભાજપના આંતરિક વર્તુળોમાં એવી પણ અફવાઓ અને ચર્ચાઓ વહેતી થઈ છે કે પક્ષના સંગઠનમાં જે કોઈ પદાધિકારીઓ નિષ્ક્રિય છે અથવા આપવામાં આવેલી જવાબદારીઓ યોગ્ય રીતે નિભાવી શક્યા નથી, તેમને હોદ્દા પરથી દૂર કરી ઘરભેગા કરવામાં આવે તેવી શક્યતા વધી ગઈ છે.

મકરપુરામાં તસ્કરોનો તરખાટ

બે બંધ મકાનનાં તાળાં તોડી ૩.૮.૯૧ લાખની મત્તાની ચોરી

રોકડા અને સોનાના દાગીનાની ચોરી થતાં પોલીસના નાઈટ પેટ્રોલિંગ સામે સવાલ

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાં તસ્કરોએ બંધ મકાનોને નિશાન બનાવી એક બાદ એક બે ઘરફોડ ચોરીને અંજામ આપ્યો છે. તસ્કરો મકાનના મુખ્ય દરવાજાનાં તાળાં અને નકુચા તોડી ઘરમાં ઘૂસ્યા હતા. ત્યારબાદ બેડરૂમમાં રાખેલી તિજોરી અને લોકર તોડીને સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમ ચોરી ફરાર થઈ ગયા હતા. બંને બનાવોમાં રૂ.8,91,285ની મત્તા ચોરાઈ હોવાનું સામે આવ્યું છે. પ્રથમ બનાવમાં દંતેશ્વરના બજરંગનગર, સંતોષવાડી રોડ પર આવેલા બે મકાનને નિશાન બનાવવામાં આવ્યાં હતાં. વિજયકુમાર જગતાપના મકાનમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી રૂ.45,285ની ચોરી થઈ હતી. બીજા બનાવમાં તરસાલીની શરદનગર સોસાયટીમાં અર્પિત સોનીના મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. અહીં તિજોરી અને ડ્રોઅરના લોક તોડી આશરે 13 ગ્રામ સોનાના દાગીના રૂ.1.94 લાખ તથા રૂ.6.52 લાખ રોકડા મળી રૂ.8.46 લાખની ચોરી કરી હતી. બંને બનાવ અંગે મકરપુરા પોલીસે અલગ અલગ ગુના નોંધી તપાસ હાથ ધરી છે.

દીપોત્સવ પ્રસંગે પરિવારો પોતાના વતન તરફ જતાં હોવાથી તેમજ પોલીસ પેટ્રોલિંગના અભાવના પગલે ચોરોને શહેરમાં ચોરીનુ મોકળુ મેદાન મળી ગયુ હોવાની ચર્ચા શહેરમાં ચાલી રહી છે.

વાપીથી દમણ સુધીના પાંચ શખ્સો સહિત આઠ આરોપી વોન્ટેડ

'ઈંડાના ટ્રે'ની આડમાં દારૂની હેરાફેરી ઝડપાઈ, ૩.૨૩ લાખનો દારૂ ઝડપાયો

SMCની રેડમાં ૩.28.18 લાખનો મુદ્દામાલ કબજે, રાજસ્થાનનો બૂટલેગર ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.3

દિવાળીના તહેવાર દરમિયાન વડોદરા શહેર સહિત રાજ્યમાં થતી દારૂની હેરાફેરી ઉપર સતત વોચ રાખવા સાથે સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા રાજ્યભરમાં કામગીરી કરવામાં આવી રહી છે. દરમિયાન SMCના પોલીસ ઈન્સ્પેક્ટર બી.એચ. રાઠોડને વડોદરા શહેરના અટલાદરા પોલીસ સ્ટેશનની હદમાં દારૂની હેરાફેરી થતી હોવાની બાતમી મળી હતી. જેના આધારે ટીમે વડસર રોડ પર ખીસકોલી સર્કલ નજીક વેલ કેર હોસ્પિટલ સામે જાહેર રોડ પર રનિંગ રેડ કરી હતી. રેડ દરમિયાન મહિન્દ્રા બોલેરો પીકઅપ વાહનમાં ઈંડાની ટ્રેની આડમાં છુપાવેલો ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે દારૂની આશરે 177 પેટીમાંથી 5,256 બોટલ કબજે કરી હતી. દારૂની કિંમત રૂ.23,08,560 થાય છે. આ ઉપરાંત વાહન, ઈંડાની 362 ટ્રે અને અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ.28.18 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.



પોલીસે રાજસ્થાનના ફલોદી જિલ્લાના ઘંટીયાલી તાલુકાના પડીયલ, ઉદયનગર ખાતે રહેતા મહેન્દ્ર ધેવરરામ બિશ્નોઈને ઝડપી પાડ્યો છે. જ્યારે જીતેન્દ્રકુમાર બિશ્નોઈ, વાપીના સચિન ગોવિંદરાવ ઠાકરે, ગુલાબ ઉર્ફે ચીનુ કેશવભાઈ કોળીપટેલ, ભરત રામમુરત પાલ અને અજય ઠાકોરભાઈ પટેલ સહિત આઠ આરોપીઓને વોન્ટેડ જાહેર કર્યા છે. આ ઉપરાંત બોલેરો પીકઅપના માલિક, HDFC બેંકના ફાસ્ટેગ આઈડી ધારક અને વડોદરામાં દારૂનો જથ્થો મંગાવનાર અજાણ્યા શખ્સોની પણ તપાસ હાથ ધરવામાં આવી છે.

દીપોત્સવને વધાવવા આધુનિક ડિઝાઇનના કંદીલ ખરીદીનો ક્રેઝ



■ દીપોત્સવના આગમનને વધાવવા વડોદરા શહેરમાં દિવાળીની રોનક અત્યારથી જ જોવા મળી રહી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં લોકોએ પોતાના ઘરોની બાલ્કની, અગાસી અને દરવાજા પર રંગબેરંગી આકર્ષક કંદીલ લગાવીને રોશનીનો શણગાર કર્યો છે. પરંપરાગત કંદીલની સાથે આધુનિક ડિઝાઇન અને વિવિધ આકારના કંદીલ ખરીદવા લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

યોગ્ય બોનસ અને ભેટ મળતી નથી,માત્ર રૂ.275 ની ભેટ કૂપન અપાતા કર્મચારીઓમાં રોષ

મકરપુરાની ERDA કંપનીના કર્મીઓનો દિવાળી બોનસ અને ભેટ મામલે વિરોધ

(પ્રતિનિધિ) વડોદરા,તા.3

દિવાળીના તહેવારની નજીક આવતા જ વડોદરા શહેરની મકરપુરા વિસ્તારમાં આવેલી એરડા કંપનીમાં વિવાદ સર્જાયો છે. કંપનીમાં બ્લેક કેટ સિક્યુરિટી એજન્સી હેઠળ કામ કરતા આશરે 21 જેટલા કર્મચારીઓએ દિવાળીના પર્વે યોગ્ય બોનસ અને ભેટ ન મળવાને કારણે ભારે રોષ વ્યક્ત કર્યો છે અને કંપનીના મુખ્ય ગેટ પર એકઠા થઈ વિરોધ પ્રદર્શિત કર્યો હતો. ઈલેક્ટ્રિકલ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ એસોસિએશન એરડા કંપની સામે વિરોધ કરી રહેલા કર્મચારીઓનું કહેવું છે કે, તેઓ છેલ્લા 15 થી 20 વર્ષથી એરડા કંપનીમાં કોન્ટ્રાક્ટ પર સેક્ટી અને ક્લિનિંગનું કામ સેવા આપી રહ્યા છે. અન્ય અધિકારીઓ અને કર્મચારીઓને તહેવારો પર મોટું બોનસ તથા ઉચ્ચક ભેટ કૂપનો



આપવામાં આવે છે, જ્યારે નીચલા સ્તરે કામ કરતા આ સિક્યુરિટી કર્મચારીઓને માત્ર નામ પૂરતી રૂ. 275 ની જ ભેટ કૂપન આપવામાં આવે છે.

કર્મચારીઓનું એવું પણ સૂચન છે કે કંપની વાર્ષિક કરોડો રૂપિયાની કમાણી કરતી હોવા છતાં, ગ્રેડ મુજબ યોગ્ય વળતર કે બોનસ આપવાને બદલે માત્ર નજીવી ભેટ આપીને અન્યાય કરવામાં આવી રહ્યો છે. કર્મચારીઓએ જણાવ્યું હતું કે આ અંગે અગાઉ પ્રાયમરી એમ્પ્લોયર એરડા કંપની અને કોન્ટ્રાક્ટર બ્લેક કેટ સિક્યુરિટી એજન્સી બંનેને લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી. ગત 24 તારીખે પણ આ બાબતે પત્ર આપવામાં આવ્યો હતો, પરંતુ સંતોષકારક જવાબ કે યોગ્ય વધારો ન મળતા અંતે કર્મચારીઓએ મજબૂર થઈને મેનેજમેન્ટ સમક્ષ પોતાની વેદના રજૂ કરવી પડી છે.

બિલ ભરવાની મુદતમાં ૩૦ દિવસનો વિશેષ વધારો

મિલકત વેરાની વસૂલાત રૂ. ૩૫૪.૫૮ કરોડને પાર

(પ્રતિનિધિ) વડોદરા,તા.3

વડોદરા શહેરમાં મિલકત વેરો ભરતા કરદાતાઓ માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ના મિલકત વેરાના બિલ કરદાતાઓને બજાવવામાં આવ્યા છે. ચાલુ વર્ષે તા. ૦૩-૧૧-૨૦૨૬ સુધીમાં મિલકત વેરાની કુલ આવક રૂ. ૩૫૪.૫૮ કરોડ જેટલી થવા પામી છે. વડોદરા શહેરના તમામ કરદાતાઓને ધ્યાનમાં રાખીને વર્ષ ૨૦૨૬-૨૭ના મિલકત વેરાના બિલ ભરવાની મુદતમાં ૩૦ દિવસનો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જો નિર્ધારિત સમયમાં વેરો ભરવામાં ન આવે તો ત્યારબાદ ૧૮ ટકા વ્યાજ, નોટિસ ફી, દંડ, ફાયર નોટિસ ફી તથા શિક્ષણ ઉપકર પેનલ્ટી વગેરે વસૂલ કરવાપાત્ર બને છે. આથી તમામ કરદાતાઓને સમયસર પોતાનો મિલકત વેરો ભરપાઈ કરી દેવા અનુરોધ કરવામાં આવ્યો છે. જે કરદાતાઓને હજુ સુધી મિલકત વેરાના બિલ મળ્યા નથી, તેવા નાગરિકો વડોદરા મહાનગરપાલિકાની સત્તાવાર વેબસાઇટ (https://vmc.gov.in) પરથી વેરા બિલ ડાઉનલોડ કરીને મેળવી શકે છે અથવા સંબંધિત વોર્ડ કચેરીમાંથી પણ પ્રાપ્ત કરી શકે છે. વડોદરા શહેર હદ વિસ્તારમાં ધંધો કરતા તમામ વ્યવસાયકારો માટે વ્યવસાય વેરો ભરવાની છેલ્લી તારીખ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ હતી. આ છેલ્લી તારીખ બાદ બાકી રકમ પર ૧૨ ટકા લેખે વ્યાજ વસૂલ કરવાપાત્ર બને છે. નવેમ્બર માસથી નિયમ મુજબ વ્યાજની સાથે-સાથે ૫૦ ટકા સુધીનો દંડ પણ વસૂલવાપાત્ર થાય છે. આ નિયમ પી.આર.સી. ખાતા ધરાવતા વ્યવસાયકારોને પણ લાગુ પડે છે. આથી જે વ્યવસાયકારોનો વ્યવસાય વેરો ભરવાનો બાકી હોય, તેઓએ વહેલી તકે વેરો ભરી દેવા વિનંતી કરવામાં આવી છે.

દાહોદ જતી બસમાં ચઢતી વખતે તસ્કરે ખિસ્સા પર હાથ સાફ કર્યો

સેન્ટ્રલ ડેપોમાંથી મુસાફરનો ૩.૧.૪૦ લાખનો મોબાઈલ અને રોકડ ભરેલા પર્સની ચોરી

(પ્રતિનિધિ) વડોદરા,તા.3

વ ડો દરા સેન્ટ્રલ એસ.ટી. ડેપો મુસાફરોની ભીડથી ધમધમતો હતો ત્યારે તસ્કરે એક મુસાફરને નિશાન બના વી તેના ખિસ્સામાંથી લાખો રૂપિયાની કિંમતનો મોબાઈલ ફોન અને રોકડ ભરેલું પર્સ સેરવી લીધું હતું.

ગાં ધી નગરથી કામ પતાવી વેજલપુર જવા નીકળેલા પંચમહાલના કર્મચારીને બસમાં ચઢતી વખતે ચોરીનો ભોગ બનવું પડ્યું હતું. આ ઘટનામાં રૂ.1.39 લાખની કિંમતનો સેમસંગ S26 અલ્ટ્રા મોબાઈલ અને પર્સમાં રાખેલા રૂ.12 હજાર રોકડા સહિત રૂ.1.51 લાખની મત્તા ચોરાઈ હોવાની ફરિયાદ નોંધાઈ છે. પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના વેજલપુર ખાતે રહેતા કમલેશકુમાર મુળજીભાઈ પરમાર કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં સિનિયર ટેકનિકલ આસિસ્ટન્ટ (કમ્પ્યુટર) તરીકે ફરજ બજાવે છે. ગત 28 ઓક્ટોબરના રોજ તેઓ કામ અર્થે ગાંધીનગર ગયા હતા. સાંજે આશરે સાત વાગ્યે વડોદરા સેન્ટ્રલ એસ.ટી. ડેપો પહોંચ્યા બાદ વેજલપુર જવા માટે બસની રાહ જોઈ રહ્યા હતા. દરમિયાન સાડા સાત વાગ્યાના અરસામાં પ્લેટફોર્મ નંબર 17 પર વડોદરાથી દાહોદ જતી બસ આવી હતી. બસમાં ચઢતી વખતે મુસાફરોની ભારે ભીડનો લાભ લઈ કોઈ અજાણ્યો તસ્કર તેમના પેન્ટના ખિસ્સામાંથી મોબાઈલ ફોન અને પર્સ ચોરી ગયો હતો.

મુસાફર જ્યારે એસટી બસમાં બેઠા બાદ ખિસ્સા તપાસતાં મોબાઈલ અને પર્સ ગાયબ હોવાનું જણાયું હતું. તેમણે આજુબાજુ શોધખોળ કરી હતી, પરંતુ બંને વસ્તુઓ મળી આવી નહોતી. ચોરી થયેલા મોબાઈલમાં જિયો કંપનીના બે સિમકાર્ડ હતા. જ્યારે પર્સમાં રૂ.12 હજાર રોકડા ઉપરાંત આધારકાર્ડ અને આઈકાર્ડની નકલો પણ હતી.

આ મામલે તેમણે 29 ઓક્ટોબરના રોજ ઈ-એફઆઈઆર નોંધાવી હતી. ત્યારબાદ 2 નવેમ્બરના રોજ પોલીસ સમક્ષ રૂબરૂ ફરિયાદ નોંધાવી અજાણ્યા તસ્કર સામે કાર્યવાહી કરવાની માંગ કરી હતી. હવે એસ.ટી. ડેપોની ભીડમાં હાથફેરો કરનાર તસ્કરને શોધવાનો પડકાર પોલીસ સામે ઊભો થયો છે.

અત્રે ઉલ્લેખનિય છે દીવાળીના તહેવારોમાં બસોમાં ભીડનો લાભ લઈને પાકિટચોરો સક્રિય બન્યા હોવાનું મુસાફરોમાં ચર્ચાઈ રહ્યું હતું.

ડોગ અને બોમ્બ સ્કવોડ સહિતની ટીમનું સઘન ચેકિંગ

સેન્ટ્રલ જેલમાં બોમ્બ મૂક્યો હોવાની ધમકીભર્યા મેઈલથી ભારે દોડધામ

DGP કચેરીને રાજ્યની જેલોને બોમ્બથી ઉડાવી દેવાનો મેઇલ મળતાં તંત્ર દોડતું થયું

(પ્રતિનિધિ) વડોદરા,તા.3

રાજ્યની વિવિધ જેલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યો મેઈલ મળતાં વડોદરા સેન્ટ્રલ જેલમાં ભારે ખળભળાટ મચી ગયો છે. DGP કચેરીને મળેલા ધમકીભર્યા મેઈલ બાદ વડોદરા પોલીસ અને જેલ તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું હતું. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સેન્ટ્રલ જેલની સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવી દેવામાં આવી છે. ધમકીની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વડોદરા સેન્ટ્રલ જેલ ખાતે SOG, બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ, ડોગ સ્કવોડ અને રાવપુરા પોલીસની ટીમો દ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. જેલની બેરેકો, કચેરીઓ, હોસ્પિટલ વોર્ડ સહિતના વિવિધ વિસ્તારોમાં ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે. જેલ પરિસરના કોઈપણ ખૂણામાં શંકાસ્પદ વસ્તુ કે વિસ્ફોટક સામગ્રી હોય તો તેને શોધી કાઢવા સુરક્ષા એજન્સીઓ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. આ અંગે જેલના એસપીએ જણાવ્યું હતું કે, DGP કચેરીને રાજ્યની જેલોને ઉડાવી દેવા અંગેનો ધમકીભર્યો મેઈલ મળ્યો હતો.

જેના પગલે સાવચેતીના ભાગરૂપે વિવિધ સુરક્ષા એજન્સીઓ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. અત્યાર સુધીની તપાસમાં કોઈ શંકાસ્પદ કે વાંધાજનક વસ્તુ મળી આવી નથી. જોકે, સુરક્ષાના ભાગરૂપે સઘન ચેકિંગ ચાલુ રાખવામાં આવ્યું છે. ધમકીભર્યા મેઈલને પગલે વડોદરા સેન્ટ્રલ જેલમાં પોલીસ અને જેલ તંત્ર દ્વારા વિશેષ તકેદારી રાખવામાં આવી રહી છે.

દબાણો હટાવી પચીસ હજારનો દંડ વસૂલાયો

કાસમઆલા કબ્રસ્તાન વિસ્તારમાં પાલિકા-પોલીસનું સંયુક્ત ઓપરેશન

(પ્રતિનિધિ) વડોદરા,તા.3

દબાણ હટાવ ઝુંબેશ અંતર્ગત વડોદરા મહાનગરપાલિકા દ્વારા આજે એક મહત્વપૂર્ણ અને કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. શહેરના અત્યંત સંવેદનશીલ ગણાતા કાસમઆલા કબ્રસ્તાન અને ભૂતડી ઝાંપા વિસ્તારની આસપાસ વર્ષોથી ખડકાયેલા ગેરકાયદે દબાણો સામે વહીવટી તંત્ર અને પોલીસ વિભાગે સંયુક્ત રીતે લાલ આંખ કરી છે. આ કાર્યવાહીના કારણે દબાણકર્તાઓમાં ભારે ખળભળાટ મચી ગયો છે. મળતી માહિતી મુજબ, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ નંબર-૭ ના વોર્ડ ઓફિસર રિતેશ સોલંકી અને તેમની ટીમ તેમજ કારેલીબાગ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર અને પોલીસ કાફલો સયુક્ત રીતે આ ઓપરેશનમાં જોડાયા હતા. કાસમઆલા કબ્રસ્તાન અને તેની આસપાસના મુખ્ય માર્ગો પર કેટલાક ઇસમો દ્વારા ભંગારના ધંધાના નામે અને અન્ય ગેરકાયદેસર રીતે રસ્તાઓ પર દબાણો ઊભા કરવામાં આવ્યા હતા, જેના કારણે વાહનવ્યવહારમાં સતત અડચણ ઊભી થતી હતી અને સ્થાનિક રહીશો પણ પરેશાન હતા. તંત્ર દ્વારા આ દબાણોને સપાટાભેર હટાવવાની કામગીરી હા થ ધરવામાં આવી હતી. આ ડ્રાઈવ દરમિયાન મુખ્ય માર્ગો પર નડેલા દબાણોને હટાવીને મહાનગરપાલિકાની



ટી મ દ્વારા બે ટ્રક ભરાય એટલો સામાન તેમજ એક ફોર-વ્હીલર વાહન જપ્ત કરવામાં આવ્યા છે. માત્ર દબાણ હટાવવા પૂરતું મર્યાદિત ન રહેતા, તંત્ર દ્વારા સ્વચ્છતા અને ટ્રાફિક વ્યવસ્થાને સુધારવા માટે પણ કડક પગલાં લેવામાં આવ્યા હતા. વિસ્તારમાં ફેલાયેલી ગંદકી બદલ જવાબદારી સામે રૂપિયા ૨૫,૦૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, બિનઅધિકૃત અને અડચણરૂપ પાર્કિંગ કરનારા વાહનચાલકો સામે ટ્રાફિક પોલીસ દ્વારા ઓનલાઈન મેમો જનરેટ કરી દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી. સ્થાનિક નાગરિકો અને તંત્રના જણાવ્યા મુજબ, આ પ્રકારની કડક કાર્યવાહીથી ટ્રાફિક સમસ્યા હલ થશે અને વિસ્તારમાં કાયદો તથા વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત બનશે.